તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 27-03-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર **ચૈતાલી શાહ** વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ - બીજા તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે.
- ✓ કેન્દ્રીય ચૂંટણીપંચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદારો માટે લઘુતમ મુળભુત સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી.
- ✓ **ભાજપ નેતાએ અરવિંદ કેજરીવાલ ના કથિત પત્ર અંગે પોલીસ ફરિયાદ નોંધાવી- શ્રી કેજરીવાલ આવતીકાલે કોર્ટમાં કથિત દારૂ કૌભાંડ અંગે ખુલાસો કરશે.**
- ✓ પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોએ લોકસભાની ચૂંટણીને આવરી લેતા મીડિયા કર્મચારીઓ માટે ખાસ વેબસાઇટ - pib.gov.in/elect2024/index.aspx શરૂ કરી.
- ✓ છત્તીસગઢના આદિવાસી બસ્તર વિભાગમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે મહિલા બળવાખોરો સહિત છ માઓવાદીઓ ઠાર કરાયા.
- ✓ આઈપીએલ ક્રિકેટ સ્પર્ધામાં આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *LOKSABHA ELECTION*-1

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે, જ્યારે બિહારમાં આવતીકાલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂનેમતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે.પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.ઉમેદવારી પત્રોની ચકાસણી 28 માર્ચે થશે અને 30 માર્ચ સુધી નામો પરત ખેંચી શકાશે. બિહારમાં, 30 માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે અને 2 એપ્રિલ સુધી નામો પાછા ખેંચી શકાશે. પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન થશે.

બીજા તબક્કા માટે 12 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશોની 89 લોકસભા બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે. બીજા તબક્કામાં કેરળમાંથી 20, કર્ણાટકમાંથી 14, રાજસ્થાનમાંથી 13, ઉત્તર પ્રદેશ અનેમહારાષ્ટ્રમાંથી 8-8, મધ્ય પ્રદેશમાંથી 7,આસામ અને બિહારમાંથી 5-5, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ, મણિપુર, ત્રિપુરા અને મણિપુરમાંથી ત્રણ-ત્રણ બેઠકો માટે ,જમ્મુ-કાશ્મીરમાં એક-એક સીટ પર ચૂંટણી થશે.ઉમેદવારો 4 એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકશે અને 26 એપ્રિલે મતદાન થશે.

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *EC---ADVISORY*

કેન્દ્રીય ચૂંટણીપંચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદારો માટે લઘુતમ મુળભુત સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

આ ઉનાળામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની હવામાન ખાતાએ કરેલી આગાહીના પગલે ચૂંટણી પંચે તમામ મતદાન મથકોએ મતદારો માટે ખાસ શેડ તેમજ પીવાના પાણીની સુવિધા સહિત પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી છે. ચુંટણી પંચે મતદાન મથકે પાણી, ઓઆરએસ, છાયડા માટે સેડ ટેન્ટ, જરૂરી ફર્નીચર, શૌચાલય તથા તબીબી કીટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે.

આ ઉપરાંત ચૂંટણી પંચે ગરમીના મોજાના તેમજ આકરા તાપના સમયગાળામાં દરેક નાગરિકે  શી તકેદારી રાખવી તેની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ - NDMA દ્વારા અપાયેલી સૂચનાઓ દેશના બધા જ ચૂંટણી અધિકારીઓને મોકલી છે.

ઉલ્લેખનીય છે કે  NDMA એ ગરમીના મોજાની સંભવિત અસર ઘટાડવા બપોરના 12 થી 3 દરમિયાન અગત્યના કામ સિવાય તાપમાં નહીં નીકળવાની સૂચના અપાઇ છે.

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BJP – AAP*

દિલ્હી બીજેપી પ્રમુખ વીરેન્દ્ર સચદેવા અને પાર્ટીના અન્ય નેતાઓ આજે દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરાને મળ્યા હતા અને ED કસ્ટડીમાંથી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના કથિત સત્તાવાર પત્રો અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પત્રકારો સાથે વાત કરતા શ્રી સચદેવાએ કહ્યું કે, ભાજપે કથિત સત્તાવાર પત્રો સામે તપાસની માંગ કરી છે. તેમણે કહ્યું કે, કાયદા અનુસાર આવા પત્રોને જેલમાંથી બહાર મોકલી શકાય નહીં. તેમણે કહ્યું કે, આ પત્રો નકલી છે અને આ પત્રો વાંચનારાઓની ભૂમિકાની પણ તપાસ થવી જોઈએ.

દરમિયાન, શ્રી કેજરીવાલના પત્ની સુનીતાએ આજે એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, શ્રી કેજરીવાલ આવતીકાલે કોર્ટમાં કથિત દારૂ કૌભાંડની મની ટ્રેલ વિશે ખુલાસો કરશે. તેમને EDની પૂછપરછ પર સવાલ ઉઠાવતા કહ્યું કે AAPના ઘણા નેતાઓ પર અનેક દરોડા પાડવામાં આવ્યા છે અને હજુ સુધી એક પણ રૂપિયો મળ્યો નથી.

આજે દિલ્હી વિધાનસભા સત્રમાં, AAP ના સભ્યોએ શ્રી કેજરીવાલની ધરપકડનો વિરોધ કર્યો હતો. દરમિયાન, ભાજપના સભ્યોએ પદાધિકારીઓ સાથે શ્રી કેજરીવાલના રાજીનામાની માંગ સાથે વિધાનસભાની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# NT. CONG- RJD

બિહારમાં મહાગઠબંધનમાં લોકસભાની ચૂંટણી માટે સીટ વહેંચણીના કરારો પર વિવાદના અહેવાલો વચ્ચે, કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ RJDના નેતાઓએ નવી દિલ્હીમાં બેઠક યોજી હતી. બેઠકમાં કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલ, મુકુલ વાસનિક અને RJD નેતા તેજસ્વી યાદવ હજાર હતા.

બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા તેજસ્વી યાદવે કહ્યું કે આ ગઠબંધન સૌથી જૂનું છે અને દરેક પરિસ્થિતિમાં સાથે રહ્યું છે. તેમણે કહ્યું કે ડાબેરી પક્ષો, કોંગ્રેસ અને RJD સાથે મળીને ચૂંટણી લડશે. શ્રી યાદવે કહ્યું કે બેઠક વહેંચણી અંગેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

બિહારમાં વિપક્ષી ગઠબંધનના ઘટક પક્ષોએ આગામી લોકસભા ચૂંટણી માટે બેઠકોની વહેંચણી અંગેની સમજૂતીને હજુ અંતિમ સ્વરૂપ આપ્યું નથી. જોકે, RJDએ પહેલા તબક્કાના મતદાન માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. બીજી તરફ, લોકસભા ચૂંટણી માટે ગઠબંધન હેઠળ ભાજપે તમામ 17 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે અને JDUએ તમામ 16 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. LJP-રામવિલાસ NDA ગઠબંધન હેઠળ પાંચ બેઠકો પર ચૂંટણી લડશે

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *RAJSTHAN ELECTIION*

રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 12 બેઠકો પર કુલ ચાલીસ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે. જયપુર લોકસભા બેઠક માટે સૌથી વધુ દસ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે. આજે ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષોના ઉમેદવારો મોટી સંખ્યામાં ઉમેદવારી પત્રો ભરે તેવી શક્યતા છે.

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *SHIV SENA UBT LIST*

મહારાષ્ટ્રમાં શિવસેના-ઉદ્ધવ જૂથે લોકસભા ચૂંટણી માટે 16 ઉમેદવારોની જાહેરાત કરી છે. પાર્ટીએ દક્ષિણ મુંબઈથી સાંસદ અરવિંદ સાવંત, થાણેથી રાજન વિચારે, રતનગિરી-સિંધુદુર્ગથી વિનાયક રાઉત, ઉસ્માનાબાદથી ઓમપ્રકાશ નિમ્બાલકર અને પરભણીથી સંજય જાધવને બીજી તક આપી છે.

પાર્ટીએ ઔરંગાબાદથી ચંદ્રકાંત ખૈરે, મુંબઈ નોર્થ ઈસ્ટથી સંજય દીના પાટીલ અને રાયગઢ મતવિસ્તારમાંથી અનંત ગીતેને પણ ફરીથી ઉમેદવાર બનાવ્યા છે, જેઓ છેલ્લી ચૂંટણીમાં આ મતવિસ્તારોમાંથી હારી ગયા હતા.

પક્ષે મુંબઈ ઉત્તર પશ્ચિમ મતવિસ્તારમાંથી અમોલ કીર્તિકરની ઉમેદવારીની જાહેરાત કરી છે કારણ કે તેમના પિતા અને વર્તમાન સાંસદ ગજાનન કીર્તિકર એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા છે.

નાસિક, બુલઢાણા, હિંગોલી, શિરડી, યવતમાલ-વાશિમ બેઠકો જાળવી રાખવામાં પાર્ટી સફળ રહી છે, જ્યાં શિવસેનાના સાંસદો શિંદેની પાર્ટીમાં જોડાયા હતા. શિવસેના યુબીટીએ પણ સાંગલી લોકસભા બેઠક માટે તેના ઉમેદવારની જાહેરાત કરી હતી જે છેલ્લે કોંગ્રેસ પાસે હતી.

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PIB - ELECTION*

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોએ લોકસભાની ચૂંટણીને આવરી લેતા મીડિયા કર્મચારીઓ માટે ખાસ વેબસાઇટ - pib.gov.in/elect2024/index.aspx શરૂ કરી છે.

આ વેબસાઈટમાં ડિજિટલ ફ્લિપ બુક જેવી સુવિધાઓ છે, જેમાં વિવિધ પ્રકારના વિશ્લેષણ અને આંકડાઓને લગતા લેખોનો સમાવેશ થાય છે. મીડિયા કર્મચારી વેબસાઇટ પર ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ ચૂંટણી સંબંધિત લેખો લખવા માટે કરી શકે છે. આ ઉપરાંત, તેના પર ઘણી ઉપયોગી અન્ય લિંક્સ પણ ઉપલબ્ધ છે, જેના દ્વારા પત્રકાર ચૂંટણી પંચની વેબસાઇટ પર સંબંધિત માહિતી સરળતાથી મેળવી શકે છે. આ વેબસાઈટ પર લોકસભા ચૂંટણીના સમયપત્રક અને નોટિફિકેશનને લગતી માહિતી પણ સમયાંતરે અપડેટ કરવામાં આવશે.

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *CHHATISGARH - MAOISTS- KILLED*

છત્તીસગઢના આદિવાસી બસ્તર વિભાગમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે મહિલા બળવાખોરો સહિત છ માઓવાદીઓ માર્યા ગયા હતા.

અમારા સંવાદદાતા જણાવે છે કે, કેન્દ્રીય અનામત પોલીસ દળ , કોબ્રા બટાલિયન અને જિલ્લા અનામત રક્ષક દળની સંયુક્ત ટીમ બીજાપુર જિલ્લાના બાસાગુડા વિસ્તારના જંગલોમાં સર્ચ ઓપરેશન પર હતી ત્યારે ચિપ્પુરભટ્ટી પાસે સામનો થયો હતો. ગોળીબારમાં છ માઓવાદીઓ માર્યા ગયા હતા. પોલીસ અધિકારીઓએ ઘટનાની પુષ્ટિ કરી છે. ઘટના સ્થળેથી છ મૃતદેહો અને મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો.

તા. 27-03-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *REV.IPL CRICKET*

આઈપીએલ ક્રિકેટ ટુર્નામેંટમાં આજે સનરાઈઝર્સ હૈદરાબાદનો સામનો મુંબઈ ઈન્ડિયન્સ સાથે હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં થશે. સાંજે 7.30 કલાકે શરૂ થનારી મેચમાં બંને ટીમો ટૂર્નામેન્ટમાં પોતાની પ્રથમ જીતનું લક્ષ્ય ધરાવે છે.

તો બીજી તરફ ચેન્નાઈ સુપર કિંગ્સે ગઈકાલે ગુજરાત ટાઇટન્સને 63 રનથી હરાવ્યું હતું. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં 207 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ગુજરાત ટાઇટન્સ ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 143 રનમાં જ ઓલ આઉટ થઈ ગઈ હતી. આ મેચમાં શિવમ દુબેએ 23 બોલમાં 51 રન બનાવ્યા જેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.